# બ્રિટીશ ઈમામો અને ઉલેમાઓનું ૧૧ સપ્ટેમ્બરની દુ:ખદ ઘટના અને એના ભાવિ (ખરાબ) પરિણામો વિષે નિવેદન

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં બનેલી ૧૧ સપ્ટેમ્બરની દુ:ખદ ઘટનાઓ અને તેમનાં ભાવિ પરિણામોની ચર્ચા કરવા મુસ્લિમ કાઉન્સિલ ઓફ બ્રિટન દ્વારા ઈમામો (લીડરો) અને ઉલેમાઓ (ઇસ્લામિક વિદ્વાનો)ની એક ખાસ મિટિંગ બોલાવવામાં આવી હતી. આ મિટિંગ ઇસ્લામિક કલ્ચરલ સેન્ટર, રિજેન્ટ્સ પાર્ક, લંડનમાં ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ યોજવામાં આવી હતી.

આ મિટિંગમાં નીચેની બાબતો વિષે સંમતિ સાધવામાં આવી હતી:

**'ત્રાસવાદ'ની વ્યાખ્યા કરવી**

પારિભાષિક શબ્દ ત્રાસવાદની વ્યાખ્યા અને એના ઉપયોગ સંબંધમાં, આ મિટિંગને એવું લાગ્યું હતું કે આ શબ્દની ચોક્કસ વ્યાખ્યા કરવામાં આવે એ ઈચ્છનીય હતું પરંતુ આ વ્યાખ્યા ઇસ્લામિક વિચારધારા અને પરિભાષાના સંદર્ભમાં કરવામાં આવે.

એના અત્યારના ઉપયોગમાં - જેમ કે 'ત્રાસવાદ સામે યુદ્ધ' જેવા શબ્દપ્રયોગમાં - 'ત્રાસવાદ' શબ્દ મોટા ભાગે વ્યક્તિઓ અથવા નાના જૂથોએ આચરેલા અપકૃત્યો માટે મર્યાદિત કરવામાં આવ્યો હતો પરંતુ એમાંથી રાષ્ટ્રો અથવા રાષ્ટ્રોના જોડાણો (રાષ્ટ્રસંઘો)એ ભેગા મળીને આચરેલા અપકૃત્યોને બાકાત રાખવામાં આવ્યાં હતાં. એ કારણે આ મિટિંગને એવું લાગ્યું હતું કે ઇસ્લામિક દ્દષ્ટિકોણથી કરવામાં આવેલી 'ત્રાસવાદ'ની વ્યાખ્યા આ શબ્દના અત્યારના રૂઢપ્રયોગ કરતાં ઘણી વ્યાપક હોઇ શકે છે.

આડેધડ ખૂન અને લોહીનું વહેવડાવવું, લોકોને તેમના ઘરો અને ભૂમિ માંથી હાંકી કાઢવા, પાકો અને ઢોરઢાંખરનો વિનાશ, જમીન પર ફસાદ (તોફાન અને બગાડ જેમાં રાજકીય, આર્થિક અને નૈતિક બગાડનો સમાવેશ થઇ જાય છે) ફેલાવવો - એ એવા ગુનાહિત કૃત્યો અથવા વર્તણૂક છે જેમને ઇસ્લામમાં વખોડી કાઢવામાં આવ્યા છે.

જ્યાં સુધી સિદ્ધાંતોને લાગે વળગે છે ત્યાં સુધી, ન્યાયની બાબતમાં ઇસ્લામના દ્દઢ આગ્રહને દર્શાવવા કુર્આનની અનેક આયતો ટાંકવામાં આવી હતી:

> "હે ઈમાનવાળાઓ! તમે હંમેશા ન્યાયને વળગી રહી અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, પછી ભલેને તે (સાક્ષી) તમારા પોતાની અથવા (તમારા) માબાપ અને સ્નેહીઓ વિરૂદ્ધ કેમ ન હોય; જો (તેમનાંમાં કોઇ) ધનવાન હોય કે મોહતાજ, તો (તમારા કરતાં) અલ્લાહ તે બંનેનો વધુ શુભેચ્છક છે; માટે તમે અદલ કરવામાં તમારી મનેચ્છાને તાબે ન થાઓ, કે જેથી તમે ઇન્સાફ કરી ન શકો; પણ જો તમે સાક્ષી આપવામાં જીભ દબાવશો અથવા મોઢું ફેરવી લેશો, તો જે કાંઇ પણ તમે કરશો તેનાથી અલ્લાહ બેશક સારી પેઠે વાકેફ છે."
> (અલ-નિસા, આયત ૧૩૫)
>
> "હે ઈમાનવાળાઓ! અલ્લાહના માટે ન્યાયસર સાક્ષી આપવા ઊભા થઇ જાઓ, અને ખબરદાર! કોઇ કોમની (ગમે તેવી) સખત દુશ્મની પણ તમને એ વાત ઉપર ન ઉશ્કેરે કે તમે ન્યાય ન કરો; (દરેક મામલામાં) ન્યાયથી જ વર્તો, એજ વાત પરહેઝગારીથી વધારે નજીક છે, અને અલ્લાહથી ડરતા રહો; બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ માહિતગાર છે."
> (અલ-માએદાહ, આયત ૮)
>
> "આ કારણે અમોએ બની ઇસરાઇલ પર લાઝિમ કરી દીધું કે જે કોઇ બીજા કોઇને મારી નાંખે - સિવાય કે ખૂન કરવા અથવા ભૂમિમાં ફસાદ ફેલાવવા માટે - તો જાણે તેણે સઘળા માણસોને મારી નાંખ્યા; અને જેણે એક જીવને જીવતદાન દીધું તો તેણે જાણે સઘળા માણસોને જીવતદાન આપ્યું; અને ખરેખર અમારા રસૂલો તેમની (બની ઇસરાઇલની) પાસે પ્રત્યક્ષ નિશાનીઓ લઇને આવ્યા હતા, તે પછી પણ તેઓ માંહેના ઘણા ખરા દુનિયામાં હદથી વધતા જ રહ્યા, (અત્યાચારો કરતા જ રહ્યા.)"
> (અલ-માએદાહ, આયત૩૨)

"જે લોકો દીનની બાબતમાં તમારી સાથે લડયા નથી અને તમને તમારા ઘરો માંથી હાંકી કાઢયા પણ નથી તેમની સાથે નેકી કરવા અને ન્યાયથી વર્તવાની અલ્લાહ તમને મનાઇ કરતો નથી; બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને મિત્ર રાખે છે.
અલ્લાહ તમને માત્ર તે લોકો સાથે મિત્રતા ધરાવવાની મનાઇ કરે છે જે તમારી સાથે દીનની બાબતમાં લડયા, તથા તમને તમારા ઘરો માંથી કાઢી મૂકયા તથા તમને કાઢવામાં (બીજાઓના) મદદગાર બન્યા, છતાં જો તેવાઓને દોસ્ત રાખે તો તેઓ જ (ખેરખરા) જાુલમગાર છે."
(અલ-મુમ્તહેનહ, ૬૦, ૮-૯)

"...જમીન પર ફસાદ અને બગાડ ફેલાવવો અને પાકો તથા ઢોરઢાંખરનો નાશ કરવો. અલ્લાહ ફસાદ અને બગાડને પસંદ કરતો નથી."
(અલ-બકરાહ, ૨:૨૦૫)

## ૧૧ સપ્ટેમ્બરના અમેરિકા પરના દુષ્ટ અને ઘાતકી હુમલાઓને વખોડી કાઢવું

કાયદાની જરૂરી કાર્યવાહી કર્યા સિવાય કોઇ માનવીનું જીવન છીનવી લેવું (મારી નાંખવું) એ એક ગુનાહિત કૃત્ય છે. નિર્દોષ લોકોને મારી નાંખવા, પછી તે વ્યક્તિઓ દ્વારા અથવા રાષ્ટ્રની સંસ્થાઓ દ્વારા મારી નાંખવામાં આવે, એને ઇસ્લામમાં વખોડી કાઢવામાં આવ્યું છે.

આને આધારે આ મિટિંગમાં ૧૧ સપ્ટેમ્બરના અમેરિકા પરના દુષ્ટ અને ઘાતકી હુમલાઓને સખત રીતે વખોડી કાઢવામાં આવ્યા હતા જે લગભગ ૭૦૦૦ જેટલા લોકોની જાનહાનિમાં પરિણમ્યા હતા.

## ૧૧ સપ્ટેમ્બરના દુષ્ટ અને ઘાતકી કૃત્યના માઠા પરિણામો

ઉપરના સિદ્ધાંત પર આધારિત, આ મિટિંગે એવી પણ ચેતવણી ઉચ્ચારી હતી કે - કોઇ પણ જાુથ અથવા વ્યક્તિ વિરૂદ્ધ અપરાધની સાબિતીના નક્કર પુરાવાઓની ગેરહાજરીમાં - કહેવાતા 'ત્રાસવાદ સામેના કોઇ પણ યુદ્ધ'ના અમલીકરણમાં નિર્દોષ નાગરિકોની જાનહાનિ થાય તો એને 'ઓછામાં ઓછી જાનહાનિ' તરીકે અથવા 'અનિવાર્ય ગૌણ નુકસાન' ના એક ભાગ તરીકે વ્યાજબી ઠેરવવામાં આવે તો પણ તે માનવતા સામેનું એક ગુનાહિત કૃત્ય લેખાશે.

આ મિટિંગે કોઇ એક વ્યક્તિ અથવા જાુથ પર દુષ્ટ અને ઘાતકી હુમલાઓ કરવામાં સામેલ હોવાની માત્ર શંકાના આધારે એક સમગ્ર પ્રજા વિરૂદ્ધ યુદ્ધની ધાકધમકીઓ અને ડરામણીના ઉપયોગને વખોડી કાઢયો હતો. આ જ હકીકતને આધારે યુદ્ધની તૈયારી માટે પશ્ચિમ અને મધ્ય એશિયામાં જમીન, સમુદ્ર અને હવામાં મોટા પાયા પર લશ્કરી તાકાતના એકત્રીકરણને, અફઘાનિસ્તાનને શકય બોંબમારા માટે નિશાન બનાવવાને, અને દેશની અંદર 'વિશિષ્ટ દળો'ની છૂપી પ્રવૃત્તિઓના ખરેખરા ઉપયોગને આ મિટિંગમાં વખોડી કાઢવામાં આવ્યું હતું. આ બધું જે તે દેશ સામે યુદ્ધની વિધિસરની જાહેરાત કર્યા વિના કરવામાં આવ્યું છે. આ બધાં કૃત્યો ન્યાયનો ભંગ છે એમ આ મિટિંગમાં જાહેર કરવામાં આવ્યું હતું.

યુનાઇટેડ સ્ટેટ્સ, બ્રિટન અને 'ત્રાસવાદ સામેના રાષ્ટ્રોના જોડાણ' દ્વારા લેવામાં આવેલાં આ બધાં પગલાંઓએ અફઘાનિસ્તાનમાં ઘણા મોટા પાયા પર ભયનું વાતાવરણ પેદા કર્યું છે જેના કારણે હજારો લાખો નિર્દોષ લોકો પોતાનો જીવ બચાવવા તેમનાં ઘરોનો ત્યાગ કરીને નાસભાગ કરી રહ્યા છે. આ બધું વર્ષોના પરદેશી આક્રમણ, પરદેશી સત્તાઓ દ્વારા હજી જેને હવા દેવામાં આવી રહી છે તેવા આંતર વિગ્રહ અને વર્ષોના દુકાળ, અનાજપાણીની અછત, રોગચાળો અને ભારે ગરીબાઇમાં ઉમેરો કરે છે. 'ત્રાસવાદ સામેના રાષ્ટ્રોના જોડાણ'દ્વારા લેવામાં આવેલાં પ્રથમ પગલાં એવું દર્શાવે છે કે સત્તાનો ઉપયોગ કોઇ પણ જાતની નીતિરીતિ વિના કરવામાં આવી રહ્યો છે જેનું પરિણામ જાુલમ અને ભયમાં આવી રહ્યું છે. આ બધું 'લોકશાહી અને સંસ્કારી મૂલ્યોના રક્ષણ માટે' કરવામાં આવી રહ્યું છે એવું કોઇ પણ રીતે કહી શકાય નહીં.

અફઘાનિસ્તાનમાં સરાકરની પસંદગી બાબતમાં બહારના દેશોની ઇચ્છાનુસાર ત્યાં ગમે તે ઠોકી બેસાડવામાં આવે તેનો આ મિટિંગમાં એકીમતે વિરોધ કરવામાં આવ્યો હતો. લોકશાહીના નામે આ પ્રકારનું પગલું ભરવું અને પછી કોઇ પણ પ્રજા પર તાકાતની ધમકી દ્વારા ગમે તેવી સરાકર લાદી દેવી એ પરસ્પર વિરોધી વાત છે.

'રાષ્ટ્ર દ્વારા ત્રાસવાદ'ના ઘણાં અપકૃત્યો જે આ સંઘમાં જોડાયેલા રાષ્ટ્રો દ્વારા એક બીજાની લશ્કરી અને આર્થિક સહાયતાથી આચરવામાં આવ્યા છે અને આવી રહ્યા છે તેમને પણ આ મિટિંગમાં વખોડી કાઢવામાં આવ્યા હતા. આ સંબંધમાં, પેલેસ્ટાઇનના લોકોના ઘરબાર છીનવી લેતી ઇઝરાઇલીઓની લશ્કરી ગતિવિધિઓ અને વિસ્તાર, જેને કારણે પચાસ લાખ લોકો નિરાશ્રિતો બની ગયા છે, એ પણ 'રાષ્ટ્ર દ્વારા ત્રાસવાદ' છે અને તમામ ન્યાયનું ચોખ્ખું ઉલ્લંઘન છે.

## બ્રિટનમાં મુસ્લિમોની સ્થિતિ વિષે

મિટિંગમાં એ વાત પર ભાર દેવામાં આવ્યો હતો કે બ્રિટનમાં વસતા મુસલમાનો અથવા ખરેખર તો કોઇ પણ દેશમાં 'લઘુમતીઓ' તરીકે રહેતા મુસલમાનો, બીજા નાગરિકોની જેમજ હક્કો અને ફરજો ધરાવે છે અને તેમણે તેમના 'સામાજિક કરાર'ને નિભાવવો જોઇએ.

શાંતિ, સ્થિરતા અને સર્વના સામાન્ય હિત માટે કામ કરવું એ તેમની ફરજ બને છે. જે લોકો વિઝા માટે અરજી કરે છે અને કોઇ દેશમાં વિઝા લઇને દાખલ થાય છે તેઓ પણ જે તે દેશની સંસ્થાઓને અને કાયદાઓને માન આપવાની જવાબદારીથી બંધાયેલા હોય છે.

આવું હોવાને લીધે, દાખલા તરીકે, કોઇ પણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું જુથ કે જે, તેઓ જે દેશના નાગરિક હોય તે દેશની સરકારના અન્યાયી પગલાંથી ક્રોધે ભરાયેલું હોય, તેમણે ત્યાંના લોકો કે તેમની માલમિલ્કત વિરૂદ્ધ કોઇ પણ ગુનાહિત અથવા ભાંગફોડિયા પ્રવૃત્તિમાં રાચવું જોઇએ નહીં.

આવું હોવા છતાં, તેમની સરકાર, બેઉ ઘર આંગણે અને બહાર પરદેશોમાં, પોતાની નીતિઓને ન્યાયી અને નૈતિક સિદ્ધાંતો મુજબ બદલે તે માટે ચર્ચા, વાદવિવાદ કરવાની અને પડકાર ફેંકવા સુદ્ધાંની તેમની ફરજ છે. આ બધું નાગરિકના તેના / તેણીના પોતાના દેશ સાથેના સામાજિક કરારના એક ભાગરૂપ છે.

એટલા માટે લઘુમતીઓ તરીકે વસતા મુસ્લિમોની વફાદારી વિષે કોઇ પ્રશ્ન ઊભો થવો જોઇએ નહીં. દુનિયાના બધા મુસલામાનો માંના એક તૃતિયાંસ મુસલમાનો લઘુમતીઓ તરીકે વસે છે એ વાત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું.

## મુસ્લિમ સમાજની પરિસ્થિતિ વિષે

આ મિટિંગમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે બ્રિટનમાં મુસલમાનોએ ઇસ્લામિક મૂલ્યોને વફાદાર રહેવું જોઇએ અને તેમના પાલનમાં મજબૂતીથી વળગી રહેવું જોઇએ. ઇસ્લામનો માર્ગ સમતોલ અને મધ્ય માર્ગ છે, જે અન્યો સાથે વિનમ્રતા અને તાર્કિક (સમજદારી પૂર્વકની) વાર્તાલાપની ભાવનાથી કામ લે છે:

> "(હે રસુલ!) તું તારા પરવરદિગારના માર્ગ તરફ હિકમત સાથે તથા ભલા ઉપદેશ સાથે (લોકોને) બોલાવ અને તેમની સાથે એવી રીતે વાદવિવાદ કર કે જે ઉત્તમ હોય; બેશક જેઓ અલ્લાહના માર્ગથી (ઇસ્લામથી) ભટકી ગયા તેમને તારો પરવરદિગાર સારી પેઠે જાણે છે અને જેઓ હિદાયત પર છે તેમને પણ તે ખૂબજ જાણે છે."
> (અલ-નહલ, આયત ૧૨૫)

> "એજ પ્રમાણે અમે તમને (દરેક રીતે) સર્વોત્તમ ઉમ્મત (કોમ્યુનિટી) બનાવી કે જેથી તમે તમામ લોકો ઉપર સાક્ષી રહો અને રસૂલ તમારા બધા ઉપર સાક્ષી રહે."
> (અલ-બકરાહ, આયત ૧૪૩)

આવું હોવા છતાં, મિટિંગમાં એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે મુસ્લિમ સમાજમાં કેટલીક વ્યક્તિઓ અને વાચાળ જાુથો દ્વારા ઇસ્લામિક મૂલ્યોની ખોટી રજાૂઆત કરવામાં આવી રહી છે અથવા તેમને બગાડવામાં આવી રહ્યાં છે - એવાં જાુથો જે એવી સ્થિતિઓ, પદ્ધતિઓ અને ચાલો અપનાવે છે જે ઉપર નોંધવામાં આવેલા કુર્આનના ઉપદેશો સાથે બંધબેસતી હોતી નથી અને જે વિશાળ જનસમુદાયમાં ઇસ્લામ તથા મુસ્લિમો પ્રત્યે નફરત અને દુશ્મનાવટ પેદા કરવાનું કામ કરે છે.

આ રીતે મુસ્લિમ સમાજ પોતાના લોકોથી જ ખતરો અનુભવે છે અને એની પ્રાથમિક જવાબદારીઓ માંની એક તે આવા જાુથોની પ્રવૃત્તિઓથી સમાજનું - ખાસ કરીને યુવાનોનું - રક્ષણ કરવાની છે.

આ મિટિંગમાં એ બાબત સાવધાન રહેવા જણાવવામાં આવ્યું હતું કે આવા જાુથો સાથે વહેવાર કરવામાં અને કામ લેવામાં, તર્ક અને સ્પષ્ટ દલીલનો સોદો થઇ શકે એમ નથી અને તેઓ ઘણીવાર જે ત્રાસદાયક કે વાંધાજનક સ્થિતિઓ અપનાવે છે અને જે યુક્તિઓ અજમાવે છે તેનાથી તરતજ અલિપ્ત (છેટા) થઇ જવું જોઇએ.

મિટિંગમાં મુસ્લિમ સમાજમાં એકતા વધારવા અને નહીં કે તેને તોડવા માટે સર્વસ્વ કરી છૂટવામાં આવે એ અગત્યનું છે એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. 'મધ્યમમાર્ગીઓ' અને 'અંતિમવાદીઓ' જેવા શબ્દ પ્રયોગોને ટાળવા જોઇએ કેમકે એનાથી વિભાજન અને જાુથબંધી ઊભી થશે.

મસ્જિદોએ પોતાના વિસ્તારોમાં અને વ્યાપક જનસમાજમાં ઇસ્લામ અને મુસ્લિમોની સારી છાપ ઊભી કરવામાં અત્યંત મહત્વનો ભાગ ભજવવાનો હોય છે. મિટિંગમાં એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે ઇમામો અને મસ્જિદની કમિટીઓએ સમાજમાં અને ખાસ કરીને યુવાનોમાં વધુ અસરકારક બની રહેવાની જરૂર છે.

**મુસ્લિમો અને વ્યાપક જનસમાજ વિષે**

એવું સૂચવવામાં આવ્યું હતું કે મુસ્લિમ સમાજને રક્ષણ પુરું પાડવાનો સૌથી શ્રેષ્ઠ માર્ગ તે વ્યાપક જનસમાજને ઇસ્લામ અને કુર્આનના શિક્ષણથી વાકેફ કરવાનો અને સમજાવવાનો છે.

મુસ્લિમોએ પશ્ચિમમાં જેઓ લોકમત કેળવવા માટે આગેવાની ધરાવે છે તેવા લોકોમાં 'એક હકારાત્મક વાતાવરણ' ઊભું કરવાનો ધ્યેય રાખવો જોઇએ.

મસ્જિદોએ વ્યાપક જનસમાજ સાથે સંવાદ અને ચર્ચાવિચારણા કરવા માટેનાં સેન્ટરો બનવું જોઇએ.

સ્કૂલોની મુલાકાત લેવા અને ત્યાંના સ્ટાફ (શિક્ષકગણ) તથા વિદ્યાર્થીઓને મળવા માટે વધુ ધ્યાન આપવાની અને વધુ સમય તથા સાધનસામગ્રી ફાળવવાની જરૂર છે.

બેઉ વ્યક્તિગત અને સંસ્થાકીય સ્તરે (લેવલે) વર્ણવાદ અને 'ઇસ્લામોફોબિઆ' (ઇસ્લામનો ખોટો ભય)ની સમસ્યાઓને હાથ ધરવાની જરૂર છે.

મિટિંગને એમ લાગ્યું હતું કે ૧૧મી સપ્ટેમ્બરના કરુણ બનાવોને પગલે, ઝડપી બદલો લેવા માટે જાગેલા ગુસ્સા અને ઊહાપોહની વચ્ચે, કેટલીક જાહેર વ્યક્તિઓએ અને કલેર શોર્ટ, ટોની બેન, અને રોબર્ટ ફિસ્ક જેવા લેખકોએ બતાવેલી હિંમત, નિર્લેપતાની ભાવના અને માનવતાની કદર કરવામાં આવે એ ઉચિત હતું.

**યુદ્ધ બંધ કરો**

મુસ્લિમોએ નક્કર પુરાવો રજૂ કર્યા વિના અને ગુનો સાબિત થયા વિના અચોક્કસ નિશાનો વિરૂદ્ધ કરવામાં આવતી આ યુદ્ધની વાતો અને એકત્ર કરવામાં આવી રહેલા મોટા લશ્કરી કાફલાને રોકવાની માંગ કરવા બીજા લોકો સાથે જોડાવાની જરૂર છે. પુરાવો હોય તો તેને જાહેર કરવો જોઇએ અને કાયદાની જરૂરી કાર્યવાહીઓ હાથ ધરવી જોઇએ.

અફઘાનિસ્તાનના દુ:ખી લોકોને યુદ્ધની ભયાનકતાઓ અને યુદ્ધની ધમકીઓ માંથી સર્જાતા વધુ વિનાશ અને ઉજ્જડતા માંથી બચાવવા માટેની ઝુંબેશમાં જોડાવા અને તેને ટેકો આપવા માટે આ મિટિંગમાં કહેવામાં આવ્યું હતું.

**ઉલેમાઓની સર્વસંમતિ (ઇજમા)**

મિટિંગમાં એ બાબત સંમતિ સાધવામાં આવી હતી કે બ્રિટીશ મુસ્લિમ સમાજને ઉલેમાઓની સર્વસંમતિ (ઇજમા)થી માર્ગદર્શન મળવું જોઇએ અને એમ.સી.બી.એ સમાજ માંથી દરેક વિચારસરણીના ઉલેમાઓને ભેગા કરવા પ્રયત્ન કરવો જોઇએ. તેમનું કર્તવ્ય 'ત્રાસવાદ' અને 'આંતરરાષ્ટ્રીય સમાજ' જેવા પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવામાં ઇસ્લામિક વિચારધારા અને પરિભાષાને તપાસવાનું અને સમાજ જેનો સામનો કરી રહ્યો છે તેવી બીજી કેટલીક બાબતો અંગે માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે.